# ગાંધીનગર- આણંદ વચ્ચે મેમૂ ટ્રેનનો આજથી પ્રારંભ

## ગાંધી જયંતિની પૂર્વ સંધ્યાએ રેલ રાજ્ય મંત્રીની ઉપસ્થિતિમાં આણંદ-ગાંધીનગર અને આણંદ-દાહોદની નવી મેમૂ ટ્રેનોનો શુભારંભ કરાશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરની વર્ષો જૂની માંગણીને આખરે વાચા મળી છે. ગાંધી જયંતિની પૂર્વસંધ્યાએ આણંદ-ગાંધીનગર નવી મેમૂ ટ્રેનનો શુભારંભ કરાશે. કેન્દ્રીય રેલ રાજ્ય મંત્રી શ્રી ભરતસિંહ સોલંકીની ઉપસ્થિતિમાં આણંદ રેલ્વે સ્ટેશન ખાતે આણંદ-ગાંધીનગર અને આણંદ-દાહોદની નવી મેમૂ ટ્રેનોનાં શુભારંભ કરાશે.



આણંદ-ગાંધીનગર નવી મેમૂ ટ્રેન શરૃ તથાં ગાંધીનગર રેલ્વે સ્ટેશનને વધુ એક ટ્રેનની ભેટ મળશે. ટ્રેન સેવાને વધુ બહેતર બનાવવા વસાહતીઓની વર્ષો જૂની માંગ છે. નગરજનો અને સ્વૈચ્છિક સંગઠનોની રજૂઆત બાદ ધીમે ધીમે ગાંધીનગરનો ટ્રેન વ્યવહાર સક્ષમ બની રહ્યો છે. ગાંધીજયંતિની પૂર્વસંધ્યાએ આણંદ-ગાંધીનગરની નવી મેમૂ ટ્રેન શરૃ થઈ જતાં વસાહતીઓ ખુબ લાભ મળશે.

આણંદ ખાતે યોજાનાર કાર્યક્રમમાં રેલ્વે રાજ્ય મંત્રી શ્રી ભરતસિંહ સોલંકી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે અને આણંદ-દાહોદ તથા આણંદ-ગાંધીનગરની નવી મેમૂ ટ્રેનનો શુભારંભ કરાવશે. આ પ્રસંગે સંસદ સભ્ય શ્રીમતી સ્મૃતિ ઝુબીન ઈરાની અને ધારાસભ્ય શ્રીમતી જ્યોત્સનાબેન આર. પટેલ ખાસ ઉપસ્થિત રહેશે.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ અથાગ અને અવિરત પ્રયત્નો ગાંધીનગર કેપિટલ રેલ્વે સ્ટેશનને વધુ ટ્રેનો મળે તે માટે કરી રહે છે. અને ગત રેલ્વે બજેટ વખતે પણ લેખિત સ્વરૂપમાં અનેક રજૂઆતો કરી ગાંધીનગરને રેલ્વે નેટવર્કમાં વધુ સામેલ કરાય તે માટે ધારદાર રજૂઆતો કરી હતી. અને મંડળે ૮૦૦૦ જેટલાં પત્રો લખી રજૂઆત કરી હતી.

૨૦૧૨-૧૩ના રેલ્વે બજેટ વખતે શ્રી ભરતસિંહ સોલંકી તથા રેલ્વે મંત્રી શ્રી ત્રિવેદીને અનેક રજુઆતો કરી હતી. તેના ભાગે રૂપે મહામંડળને લેખિત જણાવ્યા મુજબ ગાંધીનગર-આણંદ-ગાંધીનગરની મેમૂ ટ્રેન બજેટમાં આવરી લેવામાં આવી હતી. પરંતુ તેનો સમય અને તારીખ મુકરર થતાં ન હતા કે અંગે ગાંધીનગર શહેર મહામંડળ પ્રમુખ શ્રી અરૂણ બૂચ, મયુર વ્યાસ, સુધીર દેસાઈ, કિશોર જીકાદરા, કશ્યપ મહેતા, નિલેન્દુ વોરા, શશીકાંત મોઢા, ચંદુજી ઠાકોર, રેવાભાઈ પરમાર તથા શ્રી પોરીયા દ્વારા અનેક રજૂઆતો કરવામાં આવી હતી.

આ મેમૂ ટ્રેન આણંદથી સાંજે ૬-૦૦ વાગે ઉપડી ગાંધીનગર રાત્રે ૨૧-૩૦ (૯-૩૦) વાગે આવશે. અને ગાંધીનગરથી સવારે ૭-૩૦ વાગે ઉપડશે અને આણંદ સવારે ૧૦-૩૦ વાગે પહોંચશે. આને કારણે અપ-ડાઉન કરતા મુસાફરોને સરળતા ઉભી થશે અને આર્થિક રાહત પણ મળશે.

**આણંદ-ગાંધીનગર મેમુ ટ્રેનનું સમયપત્રક**

| ટ્રેન નં. ૬૯૧૯૧ | સ્ટેશન | ટ્રેન નં. ૬૯૧૯૨ |
|---|---|---|
| પ્ર-૧૮.૦૫ ક | આણંદ | આ-૧૦.૩૫ ક |
| આ-૧૯.૨૯ ક | | પ્ર-૦૯.૩૧ ક |
| પ્ર-૧૯.૩૦ ક | ગેરતપુર | આ-૦૯.૩૦ ક |
| આ-૨૧.૩૫ ક | ગાંધીનગર | પ્ર-૦૭.૩૦ ક |

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા તા. ૩-૧૦-૧૨ના રોજ સવારે ૭ કલાકે ગાંધીનગર કેપીટલ રેલ્વે સ્ટેશન પરથી આણંદને જોડતી આ ટ્રેઈનને વિદાય આપવાનો એક કાર્યક્રમ યોજી નગરજનો શુભેચ્છાઓ પાઠવી પોતાનો રાજીપો વ્યક્ત કરશે આને ગાંધીનગરમાં અત્યાર સુધી આવેલ પાંચ આવવા-જવાની ગાડીઓનું જે સ્વાગત કરેલ તેમ આ વખતે પણ કરાશે અને પેસેન્જરો, અને ચાલકોને શુભેચ્છાઓ, આપી ગાડીને વિદાય કરશે.

નગરજનો, વસાહત મંડળના સભ્યો, વિદ્યાર્થીઓ, રેલ્વે મુસાફરી કરતા સ્વજનો આ કાર્યક્રમમાં હાજર રહી ઉત્સવમાં ભાગ લેવા વિનંતી કરવામાં આવે છે.



રવિવારે પુનમ નિમિત્તે હિંમતનગર હાઈવે પર સ્થિત ગિયોડ ગામના પ્રસિદ્ધ અંબાજી મંદિરે દર્શન કરવા માટે ભક્તોનો મહેરામણ ઉમટી પડતાં ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. (તસવીર : દિપક જાની)

# કૃષિક્ષેત્રે ખરીફ ઋતુમાં ૩૦ ટકા નુકશાનના અંદાજો

## રવિ સીઝન પાકોનું દિવાળી પછી વાવણીકાર્ય હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૩૦

ખરીફ ઋતુ દરમ્યાન જિલ્લામાં કૃષિક્ષેત્રે ૩૦ થી ૪૦ ટકા સુધીનું નુકશાન થવા પામ્યું છે. જેમાં કપાસ, વરિયાળી, ડાંગર અને વેલાવાળા શાકભાજીના પાકોનો સમાવેશ થાય છે. જો કે રવિ સીઝનમાં જિલ્લામાં ૬૫ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર થવાના અંદાજો છે.

જિલ્લામાં સમયસર વરસાદના આગમનને પગલે ખેડૂતો આનંદમાં આવી ગયા હતા અને ખરીફના વાવેતરનો પ્રારંભ પણ કર્યો હતો પરંતુ પછી વરસાદ ખેંચાઈ જતાં એક તબક્કે જિલ્લામાં દુષ્કાળની સ્થિતિ ઉભી થાય તેવી સ્થિતિ પણ સર્જાઈ હતી.

રાજ્ય સરકારે દુષ્કાળની સંભવિતતા અંગેની જાહેરાત પણ કરી દીધી હતી અને ચોમાસાના અંતિમ

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર જિલ્લામાં ઓરી વિરોધી રસીકરણમાં સીત્તેર ટકા સફળતા

## હજુ એક સપ્તાહમાં ઘેર-ઘેર પહોંચી બાળકોને આવરી લેવાશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા ઓરી વિરોધી રસીકરણ અભિયાનમાં ૭૦ ટકા જેટલા બાળકોને જ આવરી શકાયા છે. જો કે આગામી એક સપ્તાહ સુધી આ અભિયાન અંતર્ગત ઘેરઘેર ફરી બાળકોને આવરી લેવાનું વિશેષ આયોજન તંત્રએ કર્યું છે.

૧૧ સપ્ટેમ્બરથી જિલ્લામાં ત્રણ સપ્તાહ માટે ઓરી વિરોધી રસીકરણ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. કેટલીક ખાનગી શાળાના સંચાલકોએ આ અભિયાન અંગે વિરોધી સૂર રજુ કરતાં તંત્રને ધારી સફળતા પ્રાપ્ત નહિ થઈ હોવાની વાત રજુ કરવામાં આવી રહી છે. હવે તંત્રએ આ અભિયાનની લક્ષ્યાંક પ્રાપ્તી માટે ઘેર ઘેર ફરી અને બાળકોને આવરી લેવાનું આયોજન વિચાર્યું છે.

૯ માસથી ૧૦ વર્ષની આયુ ધરાવતા ૧.૯૨ હજાર બાળકોને આ રસીકરણ અભિયાનમાં આવરી લેવાનું આયોજન કરાયું હતું. આ માટે તંત્રએ ૧૭૦ જેટલી ટીમો પણ બનાવી હતી.

તંત્રએ અભિયાનને સફળ બનાવવા માટે બાળકોને નિમંત્રણ કાર્ડ મોકલ્યા હતા એટલુ જ નહિ શાળાના આચાર્યો તેમજ શાળા સંચાલકો ઉપરાંત વાલીઓ સાથે પમ બેઠકો યોજી હતી. જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા આ અભિયાન અંગે બેઠકોનો સિલસિલો થયો હતો.

મળતી વિગતો પ્રમાણે હવે જે બ્લોકમાં નબળી કામગીરી થઈ છે ત્યાં ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે. આ અભિયાન પાંચ જ દિવસમાં પૂર્ણ કરવામાં આવશે. પાંચ દિવસના ટુંકા ગાળા દરમ્યાન રહી ગયેલા બાળકોના ઘરે જઈ રસીકરણ કરવામાં આવનાર છે.

# સિવિલ હોસ્પિટલના એન.એ.બી.એચ. પ્રમાણપત્ર માટે હજુ ૧૦૦ ત્રુટીઓ છે

## ઈન્સ્પેક્શન ટીમે સિવિલ સત્તાવાહકોનું ધ્યાન ખેંચી ઉકેલ લાવવા એક માસની મહેતલ આપી

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના એન.એ.બી.એચ. પ્રમાણપત્ર માટે આવેલી ટીમે ૧૦૦ જેટલી ત્રુટીઓ પ્રત્યે સિવિલ સત્તાવાળાઓનું ધ્યાન ખેંચી અને એક માસમાં તેનો ઉકેલ લાવવાની મહેતલ આપી છે. આ પછી ઈન્સ્પેક્શનના બીજા રાઉન્ડને અંતે એન.એ.બી.એચ.નું પ્રમાણપત્ર જારી કરવામાં આવશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ચાર અધિકારીઓની ટીમે શુક્રવાર, શનિવાર અને રવિવાર એમ ૩ દિવસ દરમ્યાન હોસ્પિટલનું ઈન્સ્પેક્શન કર્યું હતું. આ માટે તેમણે ત્રણ ટીમો બનાવી હતી અને હોસ્પિટલની એમ્બ્યુલન્સ સેવાઓથી લઈ વોર્ડની સેવાઓ સહિતની સેવાઓ અંગે પરીક્ષણ કર્યું હતું.

ઈન્સ્પેક્શનના પ્રથમ જ દિવસે રેડ એન્ડ પિન્ક કોડ આપી તેમણે તંત્રની ચુસ્તતા અંગેનું પરીક્ષણ કર્યું હતું. ૨૦૦૯માં એન.એ.બી.એચ. થયેલ સિવિલ હોસ્પિટલની સેવાઓને લઈ તપાસ ટીમે આ વખતે થોડીક વધુ કડક ચકાસણી કરી હતી.

મળતી વિગતો પ્રમાણે સેવાઓની ગુણવત્તા તેમજ સેવા વિષયક બાબતો અંગે તેમણે વધુ આગ્રહ સેવ્યો છે. કેટલાક કિસ્સાઓમાં રજીસ્ટરો નહિ નિભાવાતા હોવાનું પણ ટીમના ધ્યાને આવ્યુ છે. ખાસ કરીને સ્વચ્છતાના મુદ્દે પણ ટીમે તેનું ધ્યાન વધુ કેન્દ્રીત કર્યું હોવાનું મનાઈ રહ્યું છે.

આ ટીમે સિલબંધ કવરમાં ત્રુટીઓ અંગે પોતાનો અહેવાલ આપ્યો છે. ત્રુટીઓના અહેવાલ અંગે હવે કાલથી સિવિલના સત્તાવાળાઓ કાર્યવાહી હાથ ધરશે. આજે મોડી સાંજ સુધી ટીમે તેની કામગીરી કરી હતી.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલે પણ સિનીયર ડોક્ટરોની ટીમ બનાવી પ્રિ-એસેસમેન્ટ કર્યુ હતુ અને તેમાં પણ ૩૦ જેટલી ત્રુટીઓ ધ્યાને આવી હતી જે દુરસ્ત કરી દેવામાં આવી હતી તો ઉલ્લેખનીય છે. આ ત્રુટીઓના નિકાલ માટે હવે તંત્ર દ્વારા આગામી દિવસોમાં નવેસરથી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલને જ્યારે એન.એ.બી.એચ. મળ્યુ ત્યારે અને હાલની સુવિધાઓ અને સેવાઓમાં થયેલા વધારાને પગલે ત્રુટીઓ ધ્યાને આવી હોવાનું મનાઈ રહ્યું છે.

# જિલ્લામાં સબ-જેલના અભાવે વાર્ષિક ૮૦ કરોડનો ખર્ચો

## વર્ષો અગાઉ કલોલમાં સબજેલની મળેલી મંજુરી બાદ પણ કોઈ કાર્યવાહી થઈ નહીં : મોટાભાગનો પોલીસ સ્ટાફ કેદીઓને દરરોજ લાવવા-લઈ જવામાં રોકાયેલો રહે છે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં સબજેલ ન હોવાને કારણે ધરપકડ કરાયેલા તમામ આરોપીઓને અમદાવાદ સેન્ટ્રલ જેલ હવાલે લઈ જવા પડે છે. અને ટ્રાયલ હોય ત્યારે પણ લાવવા-લઈ જવા અમદાવાદ પોલીસ કાફલા સાથે ગાડી લઈ જવી પડે છે. જેમાં પોલીસનો મોટા ભાગનો સ્ટાફ રોકાઈ રહેલો હોવા ઉપરાંત સરકારને વાર્ષિક ૮૦ કરોડનો ખર્ચો ઉઠાવવો પડે છે. ઉલ્લેખનીય છે કે જિલ્લાના વિભાજન બાદ વર્ષો અગાઉ કલોલ ખાતે સબજેલ બનાવવાની મંજુરી મળી ગયેલી છે તેમ છતાં તે દિશામાં હજુ સુધી કોઈ હીલચાલ થવા પામી નથી.

ગાંધીનગર શહેર ઉપરાંત જિલ્લાના ચારેય તાલુકાઓના પોલીસ સ્ટેશનોમાં ધરપકડ કરાયેલા આરોપીઓને રાખવા માટે સબ જેલ નથી. જેને પગલે કાચા કામના કેદીઓને રોજેરોજ અમદાવાદ સેન્ટ્રલ જેલ મુકવા પોલીસે જવું પડે છે. આરોપીની ધરપકડ બાદ કેદીઓને પોલીસ સ્ટેશનના લોકઅપમાં રાખી શકાતા નથી તે ઉપરાંત તેમને સેન્ટ્રલ જેલ મોકલી દીધા બાદ કોર્ટમાં ટ્રાયલ શરૂ થાય ત્યારે તો જ કેદીનો પોલીસો અમદાવાદ સેન્ટ્રલ જેલ લેવા-મુકવા જવું પડે છે. કેદીઓને લાવવા-લઈ જવા માટે કેદી પાર્ટીનો પોલીસ ડબ્બો તથા વાહનનું ડિઝલ, બદલીનો ખર્ચો વધી જાય છે. જે અંદાજે વાર્ષિક ૮૦ કરોડ રૂપીયાનો ખર્ચો સરકારે ઉઠાવવો પડે છે. ઘણા વર્ષ અગાઉ કલોલમાં સબજેલ બાંધવા માટે મંજુરી મળી ચુકેલી છે. પરંતુ હજુ સુધી તે અંગે કોઈ ગતિવિધિઓ થઈ નથી. સામાન્ય રીતે મામલતદાર કચેરીમાં સબજેલ થતી હોય છે. પરંતુ ગાંધીનગરમાં તો શક્ય ન હતું. જો કે હવે મામલતદાર કચેરીનું સ્થળાંતર થતા એમ.એસ. બિલ્ડીંગમાં સબ જેલ તૈયાર થઈ શકે તેવી સ્થિતિ ઉભી થઈ છે.

# યુનિવર્સિટી સિન્ડીકેટની ચૂંટણીમાં ૧૦માંથી ૭માં કોંગ્રેસનો વિજય

અમદાવાદ, તા. ૨૧

ગુજરાત યુનિવર્સિટી સીન્ડીકેટની ૧૦ બેઠકો અને બોર્ડ ઓફ એકાઉન્ટની ૩ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસે કુલ ૯ બેઠકો મેળવતા ભાજપનો સફાયો થયો છે. ચૂંટણીમાં કુલ ૧૨૩ સેનેટ સભ્યોમાંથી કુલ ૧૧૯ મતદારોએ મતદાન કર્યું હતું જો કે પ્રથમ કાર્યકારી રજિસ્ટારે પ્રથમ વખત તટસ્થ રહી મતદાન કર્યુ ન હતું. પરિણામ જાહેર થતાની સાથે સમર્થકોએ ઢોલ નગારા, ગુલાલ ઉડાવી અને ફટાકડા ફોડી પોતાના વિજય ઉમેદવારોને વધાવી લીધા હતા. ગુજરાત વિધાનસભાની આગામી બે માસ બાદ યોજાનાર ચૂંટણીને કારણે ગુજ.યુનિ. સીન્ડીકેટની ચૂંટણી ભાજપ અને કોંગ્રેસ માટે પ્રતિષ્ઠાનો જંગ હતો. જોકે કોંગ્રેસે સપાટો બોલાવી દેતા ભાજપના આગેવાનો અને કાર્યકરોમાં સોંપો પડી ગયો હતો. ગુજ. યુનિ. સીન્ડીકેટની ૧૦ બેઠકો માટે આજરોજ યોજાયેલી પ્રતિષ્ઠાભરી ચૂંટણીમાં કોંગ્રેસને કુલ ૭ બેઠકો અને ભાજપને ફક્ત ૩ બેઠકો મળી છે. આ ઉપરાંત બોર્ડ ઓફ એકાઉન્ટની ૩ બેઠકોમાંથી ૨ બેઠકો કોંગ્રેસ અને ફક્ત એક બેઠક ભાજપને મળી છે.

આજરોજ યોજાયેલી ૧૩ બેઠકો માટેની ચૂંટણીમાં મતદાનની પ્રક્રિયા શરુ થઈ ત્યારે કુલપતિ પ્રો.આદેશપાલ કાર્યકારી રજિસ્ટાર અરવિંદભંડારીને પ્રથમ મત આપવા જણાવ્યું હતું પરંતુ કાર્યકારી રજિસ્ટાર અરવિંદ ભંડારીએ તટસ્થ

રહી આ ચૂંટણીમાં મતદાન ન કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી, જેના પગલે કુલપતિ પ્રો.આદેશપાલ અને સીન્ડીકેટ સભ્ય નરહિર અમીને એક સાથે મતદાન કરતા આ વખતે વાતાવરણ ઉતેજના ભર્યુ થઈ ગયું હતુ.




**ટચુકડી જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

**કોન્ટ્રાક્ટ જોગ**
લાઈબ્રેરી હોલ ૨૦ બાય ૨૦ ફુટ ફ્લોરીંગ કામ માટે સંપર્ક
કસ્તુરબા ટ્રસ્ટ, કોબા
ફોન : ૨૩૨૭૬૨૦૦૧
મોબાઈલ : ૦૯૮૯૮૭૨૨૪૦૭

**શ્રાદ્ધપક્ષ નિમિત્તે શિવમહાપુરાણ**
**શિવકથા**
વક્તા : ભારતીબાપુ ગોસ્વામી સંજયભારતી (સુંદરધામ-રાંધેજા)
કથા પ્રારંભ : તા. ૧/૧૦/૧૨
કથા વિરામ : તા. ૯/૧૦/૧૨
કથા સમય : દરરોજ બપોરે ૨-૦૦ કલાકે
કથા શુભસ્થળ : શ્રી જોગેશ્વર મહાદેવ મંદિર વાડી ભાગોડ બસ સ્ટેન્ડ પાસે, રાંધેજા, ગાંધીનગર
નિમંત્રક શિવકથા સમિતિ, રાંધેજા
મો. : ૯૪૨૮૫ ૯૫૭૪૧



શિવકથા, રામકથા, ભાગવત કથા માટે સંપર્ક : ૮૧૪૧૨૧૭૦૫૦
તારીખ : ૧૦/૧૦/૧૨ના રોજ સુંદરકાંડ પાઠનું ભારતીબાપુ

**જોઈએ છે**
કસ્તુરબા ટ્રસ્ટ કોબા ગાંધીનગર
ઉપપ્રતિનિધિ - પોસ્ટ ગ્રેજ્યુએટ અથવા ગ્રેજ્યુએટ
ગૃહમાતા - ગ્રેજ્યુએટ
ગૃહમાતા - ૧૨ પાસ
મહિલાકીય પ્રવૃત્તિમાં ફીલ્ડ વર્ક કરી શકે તેવા - એમ.એસ.ડબલ્યુ
સંપર્ક સાધો : પ્રતિનિધિ - ૨૩૨૭૬૨૦૧, મો. : ૯૮૯૮૭૨૨૪૦૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com